# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

## <u>ભરતી અંગેની જાહેરાત</u>

વડોદરા મહાનગરપાલિકામાં વિવિધ શાખા અંતર્ગત નીચે જણાવેલ જગ્યાઓ સીધી ભરતીથી ભરતી કરવા માટે માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે **www.vmc.gov.in** વેબસાઇટ પર **તા.૨૧-૦૨-૨૦૨૫ (૧૩.૦૦ કલાક) થી તા. ૨૧-૦૩-૨૦૨૫ (૨૩.૫૯ કલાક)** સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | બિન અનામત | | અ.જા. | | અ.જ.જા | | સા.શૈ.પ.વ. | | આ.ન.વ. | | કુલ જગ્યા પૈકી દિવ્યાંગ (PH) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્યા | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | |
| ૧ | આસી.ઇજનેર (સિવિલ) | ૦૯ (વધુ ૦૨ જગ્યાઓ સંભવિત) | ૦૪ | ૦૧ | ૦૧ | -- | -- | -- | ૦૧ | ૦૧ | ૦૧ | -- | ૦૨ |
| ૨ | એડી.આસી. ઇજનેર (સિવિલ) | ૩૩ (વધુ ૦૫ જગ્યાઓ સંભવિત) | ૦૯ | ૦૪ | ૦૩ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૬ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૫ |
| ૩ | એડી.આસી. ઇજનેર (મીકેનીક) | ૦૩ | ૦૩ | -- | -- | -- | -- | -- | -- | -- | -- | -- | ૦૧ |
| ૪ | એડી.આસી. ઇજનેર (ઇલેક્ટ્રીક) | ૦૩ | ૦૧ | -- | -- | -- | ૦૧ | -- | ૦૧ | -- | -- | -- | ૦૧ |

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ **www.vmc.gov.in** પરથી મેળવવાની રહેશે. (૩) ઉમેદવારે નિયત થયેલ ફી **તા.૨૧-૦૩-૨૦૨૫ સુધીમાં** માત્ર ઓનલાઇન ભરપાઇ કરવાની રહેશે. ફી વગરની અરજીઓ આપોઆપ નામંજુર ગણવામાં આવશે (૪) આ ભરતી પ્રક્રિયા બાબતે અરજીઓની સંખ્યા ધ્યાને લઇ જે તે જગ્યા ને અનુરૂપ એલીમીનેશન ટેસ્ટ/સ્પર્ધાત્મક પરિક્ષા/ઇન્ટરવ્યુ અંગે કમિશ્નરશ્રી, વડોદરા મહાનગરપાલિકા, વડોદરા જે નિર્ણય કરે તે આખરી અને બંધનકર્તા રહેશે.

**નોંધ :-**

**૧) ઉપરોક્ત જગ્યાઓ અ.નં. ૧ થી ૪ માટે સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭ઝ-૧, તા.૧૬-૦૨-૨૦૦૬ અન્વયે માસિક ફિક્સ વેતનથી ભરવાપાત્ર હોઇ, અત્રેના સા.વ.વિ.પરિપત્ર અંક-૪૪/૧૯-૨૦ તા : ૦૬-૦૨-૨૦ મુજબ ત્રણ વર્ષ સુધી માસિક ફિક્સ વેતનથી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી નિયત પગાર ધોરણથી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.**

**૨) ઉક્ત ક્રમાંક ૧ થી ૨ માં દર્શાવેલ જગ્યાઓ માટે કુલ જગ્યા પૈકી ૫૦% જગ્યા હાલ વડોદરા મહાનગરપાલિકામાં વિવિધ પ્રોજેક્ટ હેઠળ ફરજ બજાવતા ઇજનેરોમાંથી ભરવાપાત્ર છે.**

**૩) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જે તે કેટેગરીમાં જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહિ થાય તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારથી ભરવામાં આવશે.**

**૪) શારીરિક રીતે અશક્ત (દિવ્યાંગ) ઉમેદવારો માટેની અનામત જગ્યા માટે પૂરતા લાયક ઉમેદવારો ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા અન્ય સામાન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.**

**૫) ઉક્ત ક્રમાંક ૧ થી ૨ માં દર્શાવેલ વધુ સંભવિત જગ્યાઓ ભરવાના પ્રસંગે રોસ્ટરક્રમ જાળવી તે મુજબ જગ્યાઓ ભરવામાં આવશે.**

કેતન.પી.જોષી (GAS)
ડે. મ્યુનિ. કમિશનર (વહીવટ)

પી.આર.ઓ.નં.૧૧૯૮/૨૪-૨૫